આકાશવાણી ભુજ

સમાચાર વાચક : અશરફ નથવાણી

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **25-05-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

## લોકસભા ચૂંટણી છઠ્ઠા તબક્કાનું મતદાન

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા અંતર્ગત આઠ રાજ્યની 58 બેઠક પર સાંજે ૫ વાગ્યા સુધી સરેરાશ ૫૭.૭૦ ટકા મતદાન થયું હોવાના સમાચાર છે. સૌથી વધુ પશ્ચિમ બંગાળમાં ૭૭.૯૯ ટકા મતદાન તો સૌથી ઓછું જમ્મુ અને કાશ્મીરમાં ૫૧.૩૫ ટકા મતદાન સાંજે ૫ વાગ્યા સુધીમાં નોંધાયું છે. ઉપરાંત દિલ્હીમાં ૫૩.૭૩ ટકા, ઓડિશામાં ૫૯.૬૦ ટકા, બિહારમાં ૫૨.૨૪ ટકા, હરિયાણામાં ૫૫.૯૩ ટકા, ઉત્તરપ્રદેશમાં ૫૨.૦૨ ટકા અને ઝારખંડમાં ૬૧.૪૧ ટકા સરેરાશ મતદાન નોંધાયું છે.

**RNU** અમદાવાદ

---

## સાતમા તબક્કા માટે ચૂંટણી પ્રચાર

લોકસભા ચૂંટણીના સાતમા તબક્કા માટે પ્રચાર અભિયાન તેજ બન્યું છે. વિવિધ પક્ષોના સ્ટાર પ્રચારકો મતદારોને રિઝવવા પ્રયાસો કરી

રહ્યા છે. આ તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 57 બેઠકો માટે 1 જૂનના રોજ મતદાન થશે. આ બેઠકો પર 904 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## ગૌણ સેવા પસંદગી મંડળ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા  લેવાયેલી  વર્ગ -3 ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાની રિસ્પોન્સ શીટ ઉમેદવારો માટે વેબસાઈટ પર મુકવામાં આવી છે. આ પરીક્ષા માટેની પ્રોવિઝનલ આન્સર કી સાથેની રિસ્પોન્સ શીટ મંડળની વેબસાઈટ ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા  એપ્રિલ થી 20 મે 2024 દરમિયાન કમ્પ્યુટર બેઈઝ્ડ રિસ્પોન્સ ટેસ્ટ પદ્ધતિથી સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઇ હતી.

**RNU અમદાવાદ**

---------------------------------------------------------------------------

## ખમીર-ગાંધીધામ ખાતે ઘડાઇ પ્રદર્શન

કચ્છની  હસ્તકળા અને કારીગરોના ઉત્થાન તથા પ્રોત્સાહન માટે કાર્યરત ખમીર સંસ્થાના ઉપક્રમે ગાંધીધામ ખાતે ત્રિ-દિવસીય ઘડાઈ પ્રદર્શનનું આયોજન કરાયું છે.

આજથી શરુ થયેલ આ ઘડાઈ પ્રદર્શન આગામી તા. ૨૭મી સુધી ચાલશે. આ પ્રદર્શન  દરમ્યાન કચ્છ માટીકામના ઉત્પાદનોનું પ્રદર્શન, વર્કશોપ અને વેંચાણ કરવામાં આવશે. ઉપરાંત, ગાંધીધામ-કંડલા સંકુલના લોકોને કચ્છની પરંપરાગત હસ્તકળાની ચીજવસ્તુઓની ખરીદીની તક મળી છે.

**N.P. અશરફ નથવાણી**

---

## જાતીય સતામણી સામે સ્કૂલ માટે કાર્યક્રમ

કામનાં સ્થળે અને શિક્ષણ સંસ્થાઓમાં થતી જાતીય સતામણી અને જાતીય શોષણ સામે રક્ષણ માટે સરકાર દ્વારા ઘડાયેલા કાયદા અને નિયમો અંગે જાણકારી આપવા ભુજ નગરપાલિકા દ્વારા ટાઉનહોલ ખાતે કાર્યક્રમ યોજાયો હતો.  મહિલાઓ સાથે કાર્યના સ્થળે જાતીય સતામણીને રોકવા માટે તમામ વિભાગો, પેટા વિભાગો તેમજ ક્ષેત્રિય કચેરીઓમાં `આંતરિક ફરિયાદ સમિતિ'ની રચના કરવી ફરજિયાત હોઇ તે અંતર્ગત ભુજ નગરપાલિકા માટે અધિકારી, કર્મચારીની સમિતિ નિયુક્ત કરાઇ હતી.

**અશરફ નથવાણી**

-----------------------------------------------------------------

## કંડલા પોર્ટ

દીનદયાળ પોર્ટ ઓથોરિટી-ડીપીએ ની મનોમંથન બેઠક  પોર્ટ વપરાશકર્તાઓની ઉપસ્થિતિમાં  યોજાઈ હતી. ડીપીએના ડેપ્યુટી ચેરમેન નંદીશ શુક્લાની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં વિવિધ મુદ્દા ચર્ચાયા હતા.   કોરોના કાળ બાદ પ્રથમ વખત પોર્ટ વપરાશકારો સાથે યોજાયેલી આ બેઠકમાં કંડલા પોર્ટ સ્ટીમશિપ એજન્ટ્સ એસોસિયેશન, કંડલા કસ્ટમ્સ બ્રોકર્સ એસોસિયેશન, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, કંડલા સ્ટીવેડોર્સ એસોસિયેશન લિમિટેડના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.   અત્રે ઉલ્લેખનીય છે કે, ડીપીએએ ચાલુ નાણાકીય વર્ષ 2024-25ના પ્રથમ 45 દિવસમાં રેકોર્ડબ્રેક 18.5 મિલિયન મેટ્રિક ટન કાર્ગોનું સંચાલન કરીને એક અસાધારણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે.

**અશરફ નથવાણી**

-----------------------------------------------------------------

## તાપમાન

રાજ્યભરમાં મહત્તમ તાપમાન 47 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચી ગયું છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યનું સૌથી વધુ 47 ડિગ્રી સેલ્સિયસ તાપમાન અમદાવાદમાં નોંધાયું હતું.

કચ્છની વાત કરીએ તો જીલ્લા મથક ભુજમાં 43 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું.

દરમ્યાન, આજે વહેલી સવારથી સૌરાષ્ટ્ર કચ્છના દરિયામાં કરન્ટ જોવા મળતા દરિયાઈ પટ્ટી વિસ્તારના વાતાવરણમાં પલટા વચ્ચે શીતળ પવન જોવા કુકાતા લોકોએ રાહત અનુભવી છે. નવલખી સહિત સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છનાં દરિયામાં કરન્ટને કારણે મોજા ઉછળતા વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો છે.

અશરફ નથવાણી

---

## લખપત-બાળક પાલક દિવસ કાર્યક્રમ

લખપત તાલુકાના બરંદા ખાતેના આંગણવાડી કેન્દ્રમાં તાલુકા આઇસીડીએસ કચેરી દ્વારા બાળક પાલક દિવસ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો બે થી ત્રણ વર્ષના નાના ભૂલકાઓ આંગણવાડી કેન્દ્રમાં આવતા થાય તે માટેના યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત નાના બાળકો તેમજ વાલીઓ દ્વારા અલગ અલગ પ્રવૃત્તિઓ યોજાઈ હતી. જેમાં ખાલી બોટલમાં પાણી ભરવું, રેતી ભરવી, મણકા પરોવવા, અલગ અલગ પ્રકારના ચિત્રો બનાવવા સહિતની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી.

અશરફ નથવાણી

---

## રાપર તાલુકા પંચાયત કચેરી-છાશ કેન્દ્ર

હાલ પડી રહેલી ભયંકર ગરમીના કારણે જનજીવન ત્રસ્ત બન્યું છે ત્યારે રાપર તાલુકા પંચાયત કચેરી ખાતે અરજદારો માટે છાસ કેન્દ્ર શરૂ કરાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ તાલુકા પંચાયત કચેરીઓમાં વિદ્યાર્થીઓ અને વાલીઓ જાતિના દાખલા તથા અન્ય દાખલા માટે પહોંચતા હોઈ લોકોનો વિશેષ ધસારો જોવા મળે છે.

અશરફ નથવાણી

-----------------------------------------------------------------------